(1) વર્લ્ડ સોલાર ટેક્નોલોજી સમીટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સમીટ આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન (ISA) દ્વારા યોજવામાં આવશે.
(2) આ સમીટનો ઉદ્દેશ વિશ્વના વૈજ્ઞાનિકો અને એન્જિનીયરોને સાથે લાવીને એફોર્ડેબલ (પોષાય તેવી) ઊર્જાને આડે આવતા પ્રશ્નોને ઉકેલવાનો છે.
(3) આ સમીટમાં આવનારી પેઢીની સૌર ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવશે.
(4) આ સમીટ દરમિયાન વર્લ્ડ બેંક હેઠળ વર્લ્ડ સોલાર બેંક રચાશે તેવી ધારણા છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

સમજૂતી :

⇛ આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન (ISA) દ્વારા 8 સપ્ટેમ્બરે પ્રથમ વખત વર્લ્ડ સોલાર ટેક્નોલોજી સમીટનું આયોજન કરવામાં આવશે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સમીટનો ઉદ્દેશ વિશ્વના વૈજ્ઞાનિકો અને એન્જિનીયરોને સાથે લાવીને એફોર્ડેબલ ઊર્જાની સમક્ષના પ્રશ્નોને ઉકેલવાનો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સમીટ દરમિયાન ISA એસેમ્બલી હેઠળ વર્લ્ડ સોલાર બેંકની સ્થાપના થાય તેવી શકયતા છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ બેંક 5 વર્ષમાં 15 બિલિયન ડોલર જેટલું કદ ધરાવશે.

⇛ આ સમીટમાં આવનારી પેઢીની સૌર ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતે 2020 સુધીમાં 100 GW સૂર્યઊર્જાનું લક્ષ્ય રાખેલું છે. જુલાઈ 2020 મુજબ, ભારતમાં 35GW સૂર્યઊર્જાનું ઉત્પાદન થાય છે.

(2) 'સ્વાસ્થ્ય' પોર્ટલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પોર્ટલ આદિજાતી કાર્ય મંત્રાલય દ્વારા લોંચ કરવામાં આવ્યું છે.
(2) આ પોર્ટલ દ્વારા ભારતની આદિજાતી વસતીની આરોગ્યની તથા પોષણ સંબંધી માહિતીઓ મળી શકશે.
(3) પોર્ટલનું નિયમન નેશનલ કમિશન ફોર ટ્રાઈબલ ડેવલપમેન્ટ દ્વારા કરવામાં આવશે.
(4) આ પોર્ટલ સીકલ સેલ (Sickle Cell) રોગ ધરાવતાં લોકોને પોર્ટલમાં રજિસ્ટર કરવા પ્રેરશે.

(A) માત્ર (3)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- C**

સમજૂતી :

⇛ 17 ઓગસ્ટના રોજ આદિજાતી કાર્ય મંત્રાલય દ્વારા 'સ્વાસ્થ્ય' પોર્ટલ તથા 'આલેખ' ઈ–ન્યુઝલેટર લોંચ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ સ્વાસ્થ્ય આદિજાતી આરોગ્ય અને પોષકતત્ત્વ પોર્ટલ છે. તેમાં ભારતની આદિજાતી વસતીની આરોગ્યની તથા પોષણ સંબંધીઓ માહિતીઓ મળી શકશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પોર્ટલમાં એક ડેશબોર્ડ, નોલેજ રિપોઝિટરી, પાર્ટનર સેગમેન્ટ તથા સીકલ સેલ રોગ (Sickle Cell Disease) સપોર્ટ કોર્નર છે.

⇛ આ સપોર્ટ કોર્નર જેમને સીકલ સેલનો રોગ અથવા તેવા લક્ષણો હોય તેઓને રજિસ્ટર કરવા પ્રેરશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ પોર્ટલનું નિયમન મંત્રાલય દ્વારા સ્થાપવામાં આવેલ Centre of Excellence (CoE) For Knowledge Management in Health and Nutrition દ્વારા પીરામલ સ્વાસ્થ્ય મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટયુટના સહયોગથી કરવામાં આવશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS®

(3) સીકલ સેલ રોગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ રોગ જનીનીક છે.

(2) સીકલ સેલ રોગ એ બ્લડ ડિસઓર્ડરનો સમૂહ છે જેમાં સીકલ સેલ આર્થિરીસ સૌથી વધુ સામાન્ય છે.

(3) આ રોગના લક્ષણો દેખાવાની શરૂઆત પુખ્ય વયે (20થી 25 વર્ષ) થાય છે.

(4) આ રોગનો એકમાત્ર ઈલાજ નિયમિતપણે લોહી ચડાવવું છે.

(A) માત્ર (1)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)

(D) માત્ર (3) અને (4)

⇛ જવાબ :- A

સમજૂતી :

⇛ સીકલ સેલ રોગ (SCD)એ એક બ્લડ ડિસઓર્ડરનો સમૂહ છે જેમાં મુખ્યત્વે હીમોગ્લોબીનને અસર થાય છે. આ ડિસઓર્ડરમાં સૌથી સામાન્ય સીકલ સેલ એનેમિયા છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ SCD એક જનીનીક પરિસ્થિતિ છે, જે જન્મ સમયથી જ હાજર હોય છે. માતાપિતા બન્નેમાંથી જ્યારે એક–એક સીકલ સેલ બાળકમાં વારસારૂપે આવે છે ત્યારે આ રોગ જોવા મળે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ડિસઓર્ડરમાં હીમોગ્લોબીનનો કણ વિશિષ્ટ પ્રકારનો હોય છે અને તે લાલ રકત કોષના આકારને બદલીને અર્ધચંદ્રાકાર અથવા તો દાંતરડા (સીકલ) જેવો કરે છે.

⇛ આ રોગના લક્ષણો બાળપણથી જ જોવા મળે છે. આ દરમિયાન રકતકોષોની સંખ્યા ઘટેલી જોવા મળે છે, વારંવાર ચેપ લાગતા હોય છે અને સમયાંતરે દુ:ખાવા થાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ SCDનો એકમાત્ર ઈલાજ બોન મેરો ટ્રાન્સપ્લાનટ અથવા તો સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) મોરેશિયસમાં ચાલી રહેલી ઓઇલ સ્પીલ (Oil Spill)ની સમસ્યા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ ઓઈલ સ્પીલ ચાઈનીઝ જહાજના કારણે થયું છે.

(2) આ ઓઈલ સ્પીલની ઘટના બ્લુ બે મરીન પાર્ક પાસે થયેલી છે.

(3) આ દ્વારા આસપાસના મેન્ગ્રુવ, કોરલ, માછલી તથા અન્ય જલીય પ્રાણીઓને નુકશાન થશે.

(4) ભારતે મિશન સાગર હેઠળ આ સમસ્યાને ઉકેલવા માટે મદદ મોકલેલી છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

સમજૂતી :

⇛ જાપાનીઝ માલવાહક જહાજ **MV Wakashio** મોરેશિયસમાં **Pointe d'esny** નજીક બે ભાગમાં તૂટયુ હોવાથી આ જહાજમાં રહેલ ઓઈલ આસપાસના દરેક વિસ્તારોમાં ફેલાય રહયું છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ આ સ્થળ દક્ષિણ–પૂર્વ મોરેશિયસમાં બ્લુ બે મરીન પાર્ક પાસે આવેલ છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ ઓઈલ સ્પીલ મોરેશિયસની જૈવવિવિધતા તથા હિંદ મહાસાગરના જલીય જીવન માટે ખતરારૂપ છે. આ વિસ્તારમાં પર્યાવરણ પહેલેથી જ સંવેદનશીલ રહયું છે. વધારામાં આ ઘટના દ્વારા અહીંના કોરલ, મેન્ગ્રોવ, દરિયાઈ ઘાસ, માછલી તથા અન્ય પ્રાણીઓને ભારે નુકશાન થશે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ **16** ઓગસ્ટે ભારતે મિશન સાગર હેઠળ **30** ટનના ટેક્નીકલ ઉપકરણો તથા અન્ય પદાર્થોને મોરેશિયસ મોકલ્યા છે. જેથી, આ સમસ્યાને સાથે મળીને ઉકેલી શકાય. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ બંકર કન્વેન્શન, **2001** મુજબ ઓઈલ લીકેજની ઘટના દ્વારા થયેલા નુકશાનની જવાબદારી જહાજ માલિકની રહેશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE

(5) નવરોઝ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) ભારતમાં 2020માં 16 ઓગસ્ટે નવરોઝની ઉજવણી કરવામાં આવી હતી.
(2) વૈશ્વિક રીતે આ તહેવારની ઉજવણી 21 માર્ચે કરવામાં આવે છે.
(3) ભારતમાં પારસીઓ દ્વારા શહેનશાહી કેલેન્ડરનું અનુકરણ થતું હોવાથી ભારતમાં આ તહેવાર અલગ દિવસે આવે છે.
(4) ભારતમાં નવરોઝને યુનેસ્કોની ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરીટેજની યાદીમાં સ્થાન મળેલ છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

સમજૂતી :

⇛ નવરોઝ એ પારસીઓનું અથવા તો ઈરાનીયન લોકોનું નવું વર્ષ છે. ભારતમાં આ તહેવારને પતેતી પણ કહે છે.

⇛ ભારતમાં 16 ઓગસ્ટ, 2020 એ નવરોઝની ઉજવણી કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વૈશ્વિક રીતે નવરોઝની ઉજવણી 21 માર્ચના રોજ કરવામાં આવે છે. આ દિવસે સૂર્ય વિષુવવૃત્તને પસાર કરીને ઉત્તર તરફ પ્રસ્થાન પામે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ભારતના પારસીઓ શહેનશાહી કેલેન્ડરને અનુસરે છે. આ કેલેન્ડર લીપ વર્ષને ગણતરીમાં લેતુ નથી. આથી, ભારતમાં આ તહેવાર અલગ દિવસે હોય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ઈરાનના રાજા જમશેદના નામ પરથી નવરોઝને જમશેદ–એ–નવરોઝ પણ કહે છે. રાજા જમશેદ દ્વારા જ શહેરનશાહી કેલેન્ડર બનાવવામાં આવ્યું હતું.

⇛ યુનેસ્કોની ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરીટેજની યાદીમાં ભારતના નવરોઝને સ્થાન મળેલું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon **પર** Click **કરો.**









